# પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ સૌને આશરો - સૌને આવાસ

## પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરીમાં ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર

## ગ્રામ્ય વિસ્તારમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ૩, ૫૦, ૯૯૮ આવાસોની કામગીરી પૂર્ણ

## શહેરી વિસ્તારમાં ૭.૬૪ લાખ આવાસોના લક્ષ્યાંક સામે કુલ ૬.૨૪ લાખ જેટલા આવાસો પૂર્ણ

**સૌને આશરો – સૌને આવાસ (પ્રધાનમંત્રી આવાસ યોજના)**

શહેરમાં વસનારો કે ગ્રામીણ વિસ્તારનો દરેક વ્યક્તિની ત્રણ પાયાની જરૂરિયાત હોય-રોટી, કપડા અને મકાન. સર્વગ્રાહી વિકાસને પરિણામે ગુજરાતમાં ઉદ્યોગ, વેપાર, ધંધા-અર્થે દેશના અનેક પ્રદેશના લોકો આવીને વસ્યા છે. આવા લોકોને આજિવીકા તો મળી રહે છે, પરંતુ મકાન અને તે પણ પોતની માલિકીનું મકાન હોવું તે સપનું સાકાર થવું બહુ કપરૂં હોય છે. આજના આ મોંઘવારીના યુગમાં ઓછી આવક ધરાવતા પરિવારો માટે પોતાનું ઘર બનાવવું એક સ્વસપ્ન સમાન હોય છે. પોતાના જીવનની મોટાભાગની કમાણીની બચત કરીને અથવા તો લોન લઇને પોતાનું ઘર બનાવવા સામાન્ય માનવી તનતોડ મહેનત કરતો હોય છે. પોતાનું ઘર હોવું એ ગરીબ અને મધ્યમવર્ગના લોકો માટે એક ગેરેન્ટી રૂપ હોય છે. કપરાકાળમાં પોતાનું ઘર હોવું એ ધરતીનો છેડો ઘર એવા સુખનો અહેસાસ કરાવે છે.



વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગરીબોને પોતાનું ઘર મળે, તે માટે હાઉસિંગ સેક્ટરમાં ઘણા બધાં ફેરફાર કર્યા છે. સૌને માટે આવાસની નેમ સાથે પ્રધાનમંત્રી આવાસ યોજના તેમની પ્રેરણાથી શરૂ થઇ છે. તેઓ રેરા કાયદો લાવ્યા, બેક્ંિગ ક્ષેત્ર દ્વારા ઘરની લોન સરળ કરવામાં આવી અને ગત સાત વર્ષોમાં લેવાયેલા નિર્ણયોને પરિણામે આજે ગરીબ અને મધ્યમવર્ગના લોકો માટે એવા વિશ્વાસના વાતાવરણ સર્જન થયું છે કે અમારી પોતાની માલિકીનું ઘર જરૂર બનશે. તેમણે ગરીબોને પોતાનું ઘર મળે તે માટે પ્રધાનમંત્રી આવાસ યોજના શરૂ કરી છે. ઘરના બાંધકામ અને મળતી સુવિધાઓમાં ફેરફરો કર્યા છે. રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર ભાઇ પટેલ ગુજરાત રાજ્યના જરૂરીયાતમંદ લોકોને આવાસ મળી રહે તે માટે મક્કમતાથી




આ યોજનાને આગળ વધારી રહ્યા છે.

અફોર્ડેબલ હાઉસિંગ ઇન પાર્ટનરશીપ (AHP) ઘટક હેઠળ રૂ.૩ લાખની વાર્ષિક આવક ધરાવતા ઘરવિહોણા પરિવારોને આવાસ બનાવવા માટે સરકાર તરફથી રૂ.૩ લાખની આર્થિક સહાય (કેન્દ્ર સરકાર તરફથી રૂ.૧.૫૦ લાખ અને રાજ્ય સરકાર તરફથી રૂ.૧.૫૦ લાખ) આપવામાં આવે છે. આ ઘટક અંતર્ગત ૧ લાખથી વધુ આવાસોના બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યા છે.

ઇન-સીટુ સ્લમ રી-ડેવલપમેન્ટ (ISSR) હેઠળ શહેરી વિસ્તારોમાં સરકારી જમીનો પર આવેલ ઝૂંપડાવાસીઓને તે જ જગ્યા પર સુવિધાસભર આવાસો વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આ ઘટક હેઠળ ૧૫ હજાર આવાસોની કામગીરી પૂર્ણ થઈ છે.



બેનીફીસીયરી લેડ કંસ્ટ્રક્શન (BLC) હેઠળ શહેરી વિસ્તારોમાં પોતાની માલિકીની જમીન કે કાચા મકાન ધરાવતા હોય સાથે જ રૂ. ૩.૦૦ લાખ સુધીની વાર્ષિક આવક ધરાવતા પરિવારોને આવાસના બાંધકામ માટે રૂ.૩.૫૦ લાખની આર્થિક સહાય (કેન્દ્ર સરકાર દ્વારા રૂ.૧.૫૦ લાખ અને રાજ્ય સરકાર દ્વારા રૂ.૨ લાખ) આપવામાં આવે છે. આ ઘટક અંતર્ગત ૫૩ હજાર આવાસોની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.




ક્રેડિટ લિંક સબસિડી (CLSS) ઘટક (કેન્દ્રીય ક્ષેત્રીય ઘટક) હેઠળ શહેરી વિસ્તારોમાં ૬૦ ચો.મી સુધીના પ્રથમ આવાસ માટે લીધેલી લોન પર રૂ.૨.૬૭ લાખ સુધીની વ્યાજ સહાય આપવામાં આવે છે. આ ઘટક અંતર્ગત કુલ ૪.૪૫ લાખથી વધારે લાભાર્થીઓને રૂ.૧૦,૨૦૦ કરોડની વ્યાજ સહાયનો લાભ આપવામાં આવ્યો છે. આ ઘટક હેઠળ અન્ય રાજ્યોની સરખામણીએ ગુજરાત રાજ્ય પ્રથમ ક્રમાંકે છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી યોજનામાં ગુજરાત દેશમાં અગ્રેસર છે કુલ ૭.૬૪ લાખ આવાસોના લક્ષ્યાંક સામે કુલ ૮.૬૧ લાખ આવાસો મંજૂર થયા છે. જે પૈકી ૬.૨૪ લાખ જેટલા આવાસોના બાંધકામ પૂર્ણ થયા છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ ગ્રામ્ય વિસ્તારમાં પાત્રતા ધરાવતા ઘરવિહોણા પરિવારો અથવા તો કાચા આવાસ ધરાવતા લોકોને નવા આવાસના બાંધકામ માટે નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે.પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ અત્યારસુધીમાં ૩,૫૦,૯૯૮ આવાસોના બાંધકામની કામગીરી પૂર્ણ થઈ છે. પ્રત્યેક લાભાર્થી પરિવારને આવાસ દીઠ રૂ.૧,૨૦,૦૦૦ની નાણાકીય સહાય ત્રણ તબક્કામાં તેમના ખાતામાં સીધા જ ટ્રાન્સફર કરવામાં આવે છે.



આ સાથે જ, ગ્રામ્ય વિસ્તારના લાભાર્થીઓને મનરેગા યોજના હેઠળ રોજગારી પેટે રૂ.૨૧,૫૧૦ની આર્થિક સહાય અને સ્વચ્છ ભારત મિશન હેઠળ પોતાના આવાસમાં શૌચાલયના બાંધકામ માટે રૂ.૧૨,૦૦૦ ની આર્થિક સહાય પણ આપવામાં આવે છે. પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન મહિલા લાભાર્થીઓને ધ્યાનમાં રાખીને આવાસની સાથે-સાથે શૌચાલયના બાંધકામ માટે પ્રતિ લાભાર્થી રૂ.૫૦૦૦ની વધારાની સહાય આપવાનો નિર્ણય પણ કરવામાં આવ્યો હતો, જે હેઠળ ૯૦૦૦ લાભાર્થીઓને સહાય ચૂકવવામાં આવી છે. પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ ભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા વર્ષ ૨૦૧૮-૧૯ માં રાજ્યના ડાંગ જિલ્લાને અને ૨૦૧૯-૨૦માં પોરબંદર જિલ્લાના



રાણાવાવ તાલુકાને 'બેસ્ટ પર્ફોર્મન્સ ઇન ઇમ્પ્લીમેન્ટેશન ઓફ પીએમએવાય (રૂરલ)' અંતર્ગત અનુક્રમે પ્રથમ અને દ્વિતીય ક્રમાંકે એવોર્ડ આપવામાં આવ્યો હતો.

આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના પ્રેરક માર્ગદર્શન અને ભારત સરકારના સહયોગથી મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર આજે ગરીબોને સપનાનું ઘર આપી રહી છે. આ ઘર આપવાની પદ્ધતિ સંપૂર્ણ પારદર્શી છે. ડ્રો ના માધ્યમથી લાભાર્થી નક્કી થાય છે. આ લાભાર્થીને મળનારી તમામ સબસિડી તેમના ખાતામાં ડીબીટી(ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર)ના માધ્યમથી જમા થાય છે. રાજ્યના જરૂરીયાતમંદ લોકોને સારૂ જીવન ધોરણ પૂરૂ પાડવાની દિશામાં ગુજરાત સરકાર મક્કમ છે.


**રાજ્યના ૭૧ લાખથી વધુ NFSA રેશનકાર્ડ ધારકોની ૩.૪૪ કરોડ જનસંખ્યાને ઓગસ્ટ-૨૦૨૨ મહિનાના રાહતદરના નિયમિત વિતરણ સબંધિત અગત્યની જાણકારી**

| ક્રમ | આવશ્યક ચીજ વસ્તુઓ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા રૂ.પૈસા |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | અંત્યોદય કુટુંબો | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા | ૨.૦૦ |
| ૨ | | અગ્રતા ધરાવતા કુટુંબો | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા | |
| ૩ | ચોખા | અંત્યોદય કુટુંબો | કાર્ડદીઠ ૨૦ કિ.ગ્રા | ૩.૦૦ |
| ૪ | | અગ્રતા ધરાવતા કુટુંબો | વ્યક્તિદીઠ ૩ કિ.ગ્રા | |
| ૫ | તુવેરદાળ | અંત્યોદય કુટુંબો અને અગ્રતા ધરાવતા કુટુંબો | કાર્ડદીઠ ૧ કિ.ગ્રા | ૫૦.૦૦ |
| ૬ | ખાંડ નિયમિત | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા<br>૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા | ૧૫.૦૦ |
| ૭ | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા | ૨૨.૦૦ |
| ૮ | તહેવાર નિમિત્તે ખાંડ | અંત્યોદય કુટુંબો | કાર્ડદીઠ ૧ કિ.ગ્રા | ૧૫.૦૦ |
| ૯ | | બીપીએલ કુટુંબો | કાર્ડદીઠ ૧ કિ.ગ્રા | ૨૨.૦૦ |
| ૧૦ | તહેવાર નિમિતે ખાદ્યતેલનું વિતરણ (સીંગતેલ) | અંત્યોદય કુટુંબો અને અગ્રતા ધરાવતા કુટુંબો | કાર્ડદીઠ ૧ લીટર | ૧૦૦.૦૦ |
| ૧૧ | ડબલ ફોર્ટિફાઇડ સોલ્ટ | અંત્યોદય કુટુંબો અને અગ્રતા ધરાવતા કુટુંબો | કાર્ડદીઠ ૧ કિ.ગ્રા | ૧.૦૦ |
| ૧૨ | ચણા (રાજ્યના ૫૦ વિકાસશીલ તાલુકાઓમાં) | અંત્યોદય કુટુંબો અને અગ્રતા ધરાવતા કુટુંબો | કાર્ડદીઠ ૧ કિ.ગ્રા | ૩૦.૦૦ |

ગુજરાત સરકાર

આઝાદી કા અમૃત મહોત્સવ
હર ઘર તિરંગા
13-15 ઓગષ્ટ 2022



**हर घर तिरंगा**

**તા.૧૩ થી ૧૫ ઓગસ્ટ-૨૦૨૨**



**"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"**

રાજ્યના "રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા" (NFSA) હેઠળ સમાવિષ્ટ તમામ ૩.૪૪ કરોડ લાભાર્થીઓને વ્યક્તિદીઠ ૧ કિ.ગ્રા.ઘઉં અને ૪ કિ.ગ્રા.ચોખા મળી કુલ ૫ કિ.ગ્રા.અનાજનું વિનામૂલ્યે વિતરણ તા.૧૧ ઓગસ્ટથી કરવામાં આવશે

| ક્રમ | કેટેગરી | આવશ્યક ચીજ વસ્તુઓ | મળવાપાત્ર જથ્થો | ભાવ |
|---|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) અને અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૧ કિ.ગ્રા | વિનામૂલ્યે |
| | | ચોખા | વ્યક્તિદીઠ ૪ કિ.ગ્રા | વિનામૂલ્યે |

**દરેક લાભાર્થીને "MY RATION" મોબાઈલ એપ્લિકેશન ડાઉનલોડ કરવા વિનંતી છે**

**વન નેશન, વન રેશનકાર્ડ યોજના**

ગુજરાતના કોઈપણ ગામ કે શહેરમાંથી રેશનકાર્ડ કઢાવ્યું હોય, પરંતુ ધંધા- રોજગારને લીધે અન્ય ગામ કે શહેરમાં વસવાટ કરતા લાભાર્થી સમગ્ર રાજ્યમાં કોઈપણ ગામ કે શહેરમાં આવેલ વ્યાજબી ભાવની દુકાનેથી પોતાના હાથના અંગુઠા / આંગળીનો ઉપયોગ કરી પોતાની ઓળખ આપી અન્ન પુરવઠો મેળવી શકશે

- શ્રી નરેશભાઈ પટેલ
માનનીય મંત્રીશ્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત રાજ્ય

ફરિયાદ માટે હેલ્પ લાઈન નં.- ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૪૪૪૫
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત રાજ્ય